જિકાસ પોર્ટલ પર ફોર્મ 7 જુલાઈ સુધી ભરવાનું શરૂ : યુનિવર્સિટીનો નર્સિંગના ઉચ્ચ અભ્યાસમાં ગુણવત્તા જાળવવા નિર્ણય

પ્રથમવાર M.Sc. નર્સિંગ અને પોસ્ટ બેઝિક નર્સિંગમાં હવે સીધો પ્રવેશ નહીં પણ એન્ટ્રન્સ ટેસ્ટ આપવી પડશે

કમ્પ્યુટર પર MCQ આધારિત પરીક્ષા લેવાશે : બંને કોર્સની અંદાજે 2500 બેઠકો માટે હવે સ્પર્ધા વધશે

ભાસ્કર ન્યૂઝ | પાટણ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન નર્સિંગ કોલેજોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ અને યોગ્ય લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને જ સ્થાન મળે તે માટે યુનિવર્સિટી સત્તાધીશો દ્વારા એક મોટો અને મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી ઓફલાઈન બાદ ઓનલાઈન પ્રક્રિયામાં મેરિટ પદ્ધતિથી થતા પ્રવેશને બદલે, હવે પ્રથમ વાર M.Sc. નર્સિંગ અને પોસ્ટ બેઝિક B.Sc. નર્સિંગના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી દ્વારા આયોજિત પ્રવેશ પરીક્ષા પાસ કરવી પડશે. પાટણ યુનિવર્સિટી દ્વારા આ પરીક્ષા સંપૂર્ણપણે આધુનિક પદ્ધતિથી કમ્પ્યુટર સ્ક્રીન પર મલ્ટિપલ ચોઈસ ક્વેશ્ચન્સ (MCQ) આધારિત લેવામાં આવશે.

હાલમાં આ બંને કોર્સ માટે ઓનલાઈન જિકાસ (GCAS) પોર્ટલ પર ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે, જેમાં ઈચ્છુક વિદ્યાર્થીઓ આગામી 7 જુલાઈ સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે. યુનિવર્સિટી હસ્તકની કોલેજોમાં M.Sc. નર્સિંગની અંદાજે 500 બેઠકો અને પોસ્ટ બેઝિક નર્સિંગની આશરે 1800થી 2000 બેઠકો ઉપલબ્ધ છે, જેના પર આ નવી પરીક્ષા પદ્ધતિ દ્વારા જ એડમિશન આપવામાં આવશે. ફોર્મ ભરાવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ટૂંક સમયમાં પ્રવેશ પરીક્ષા ની તારીખો પણ જાહેર કરવામાં આવશે.

સ્પર્ધા વધશે પણ શિક્ષણ સ્તરમાં સુધારો આવશે

એક્સપર્ટ વ્યૂ

પ્રવેશ પ્રક્રિયામાં સ્પર્ધા વધશે પરતું પારદર્શિતા આવશે : સેન્ટ્રલાઈઝ્ડ કમ્પ્યુટર આધારિત પરીક્ષાને કારણે બેઠકો મર્યાદિત હોય વિદ્યાર્થીઓમાં સ્પર્ધા વધશે.પરતું ગેરરીતિની શક્યતાઓ નહિવત થઈ જશે. માત્ર હોશિયાર અને કાબેલ વિદ્યાર્થીઓ જ આગળ આવી શકશે. પ્રવેશ પ્રક્રિયામાં પારદર્શિતા આવશે.

શિક્ષણનું સ્તર ઊંચું આવશે:ઉચ્ચ અભ્યાસમાં એ જ વિદ્યાર્થીઓ પહોંચશે જેમનો પાયો મજબૂત છે. આનાથી રિસર્ચ અને ક્લિનિકલ પ્રેક્ટિસની ગુણવત્તા સુધરશે.

ગ્લોબલ સ્ટાન્ડર્ડ સાથે સરખામણી: વિદેશમાં કે રાષ્ટ્રીય સ્તરે નર્સિંગમાં કારકિર્દી બનાવવા માટે એન્ટ્રન્સ ટેસ્ટ અનિવાર્ય હોય છે. આ પદ્ધતિથી વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા માટે અત્યારથી જ તૈયાર થશે.

» ડૉ.એલ.એન.વ્યાસ, પ્રોફેસર MSC કોલેજ

દેલમાલ નકલી નોટ પ્રકરણમાં બે આંગડિયાની ધરપકડ

નકલી નોટો આંગડિયા મારફતે ચલણમાં ઘૂસાડવાનો પ્લાન હતો

ભાસ્કર ન્યૂઝ | પાટણ

ચાણસ્મા તાલુકાના દેલમાલ ગામેથી રૂ.2.46 લાખની કિંમતની રૂ.500ના દરની 492 બનાવટી ચલણી નોટો ઝડપાયાના કેસમાં પોલીસ તપાસ હવે દિલ્હી સુધી વિસ્તરી છે.

કેસમાં ધરપકડ કરાયેલા દિલ્હીની આંગડિયા પેઢીમાં નોકરી કરતા કૈલાશ પ્રજાપતિ અને ધીરજ ચૌહાણ અંગે તપાસમાં સામે આવ્યું છે કે બંનેનો બનાવટી નોટો મેળવવાનો ઈરાદો હતો, પરંતુ નોટો તેમના સુધી પહોંચે તે પહેલાં જ દેલમાલમાં પોલીસે દરોડો પાડી સમગ્ર ખેલ પાડી દીધો હતો. હાલ બંને આરોપીઓ પોલીસ રિમાન્ડ પર છે,.

દેલમાલ ગામે નિકુલ ઠાકોર અને એક બાળકિશોર દ્વારા બનાવટી ચલણી નોટો તૈયાર કરવાની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન પોલીસે છાપો મારી રૂ.2.46 લાખની 492 બનાવટી નોટો સાથે બંનેને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પરિણામે નોટો દિલ્હી સુધી પહોંચે તે પહેલાં જ સમગ્ર સપ્લાય ચેઈન તૂટી ગઈ હતી અને દિલ્હીના સંપર્કો સુધી ખેપ પહોંચી શકી નહોતી. તપાસમાં સામે આવ્યું છે કે દિલ્હીમાં આંગડિયા પેઢીમાં નોકરી કરતા કૈલાશ પ્રજાપતિ અને ધીરજ ચૌહાણ ઝડપથી વધુ કમાણી કરવાની લાલચમાં ફેક કરન્સી મેળવવા ઈચ્છુક હતા.

હવે નેટવર્કમાં અનેક નામો ખૂલી શકે છે

દેલમાલથી દિલ્હી સુધી પહોંચેલી કડી,હવે સવાલ નેટવર્કના કદનોરૂ.2.46 લાખની નકલી નોટો ઝડપાઈ જતા એક સોદો નિષ્ફળ ગયો, પરંતુ તપાસમાં સામે આવેલી દિલ્હીની કડી સૂચવે છે કે ફેક કરન્સી માટે માંગ અને સપ્લાય બંને સક્રિય હતા.

રામપુરા-રાંતેજ માર્ગનું કામ ઠપ,એસટી સેવા બંધ થતાં ચાર ગામના લોકો રસ્તા પર ઉતર્યા

ચોમાસા પહેલાં અધૂરા રોડનું કામ પૂરું નહીં થાય તો ચક્કાજામની ચીમકી

ભાસ્કર ન્યૂઝ | બહુચરાજી

બહુચરાજીના રામપુરાથી રાંતેજને જોડતા રોડનું કામ રજૂઆતો બાદ 10 વર્ષે હાથ ધરાયું હતું. પરંતુ, કામ દોઢ મહિનાથી બંધ હોવાથી આ રૂટની એસટી સેવા બંધ રહેતાં રામપુરા, કાનપુરા, તેજપુરા અને રાંતેજ ગામના લોકોને હાલાકીનો ભોગ બનવું પડી રહ્યું છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, છેલ્લા 10-12 વર્ષથી માર્ગ ભંગાર હાલતમાં હતો. અનેક રજૂઆતો બાદ માર્ગનું કામ શરૂ કરાયું હતું. જોકે કોન્ટ્રાક્ટરે દોઢ મહિનાથી કામ અધવચ્ચે જ બંધ કરી દેતાં માર્ગ પર ડામર ઊખડી ગયો છે અને મોટા ખાડા તથા કપચીઓના કારણે વાહનવ્યવહાર જોખમી બની ગયો છે. ચોમાસું નજીક હોવાથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શક્યતા વચ્ચે માર્ગની સ્થિતિ વધુ ખરાબ થશે. ખરાબ રસ્તાના કારણે બહુચરાજી અને ચાણસ્મા તરફ જતી એસટીઓ બંધ હોઈ વિદ્યાર્થીઓ, નોકરિયાતો અને ગ્રામજનોને મુશ્કેલી પડી રહી છે.

રામપુરાથી મરતોલી ભણવા માટે વિદ્યાર્થીઓ પાંચ કિમી પગપાળા ચાલીને જાય છે. આ માર્ગ સુમસામ હોઈ વિદ્યાર્થિનીઓની સુરક્ષા અંગે પણ ચિંતા વધી છે.• ગ્રામજનોએ ચોમાસા પહેલાં માર્ગનું અધૂરું કામ પૂરું કરી એસટી બસો પુનઃ શરૂ નહીં કરાય તો ચારેય ગામના લોકો ચક્કાજામ સહિત આંદોલન કરશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

વડાલી પાલિકા પ્રમુખના પતિને ક્રિમિનલ કેસમાં દોઢ વર્ષની સજા

સજા વોરંટ સાથે હિંમતનગર સબ જેલ હવાલે કરાયા

ભાસ્કર ન્યૂઝ | વડાલી

વડાલી પાલિકા કોંગ્રેસના પ્રમુખ હંસાબેન સગરના પતિ રમેશભાઈ ડાહ્યાભાઈ સગર (મુખી)ને ક્રિમિનલ કેસમાં કોર્ટે દોષિત ઠેરવી એક વર્ષ અને છ માસની સાદી કેદની સજા ફટકારી છે. ચૂકાદો જાહેર થતાં જ કોર્ટ દ્વારા સજા વોરન્ટ ઈશ્યૂ કરાયું હતું અને વડાલી પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપીની ધરપકડ કરી હિંમતનગર સબ જેલ ખાતે ધકેલ્યા આપ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ વડાલી જ્યુડિશિયલ ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલેલા ક્રિમિનલ કેસ નં. 600/2023માં સુનાવણી પૂર્ણ થયા બાદ કોર્ટે રમેશભાઈ સગરને દોષિત જાહેર કરી સજાનો હુકમ કર્યો હતો. કોર્ટના આદેશ બાદ પોલીસ તંત્ર હરકતમાં આવ્યું અને સજા વોરન્ટની અમલવારી માટે આરોપીને કાયદાના દાયરામાં લઈ લેવામાં આવ્યો હતો. વડાલી પોલીસ સ્ટેશનના અનાર્મ હેડ કોન્સ્ટેબલ હિરણસિંહ જગતસિંહે આરોપીની ધરપકડ કરી જરૂરી કાયદાકીય કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ તેમને હિંમતનગર સબ જેલ ખાતે સજા ભોગવવા મોકલી આપ્યા હતા.

પાલિકાના પ્રમુખના પતિને જેલની સજા થતાં રાજકીય ચર્ચાઓ તેજ બની છે.

પાલનપુરમાં ચોરોનો તરખાટ,એક જ રાતમાં છ દુકાનોમાં ચોરી કરી

ભાસ્કર ન્યૂઝ | પાલનપુર

પાલનપુર શહેરમાં તસ્કરોએ હરિઓમ માર્કેટમાં શુક્રવારની એક જ રાતમાં રાત્રે 12 વાગ્યા પછી 6 દુકાનોને નિશાન બનાવી તરખાટ મચાવ્યો હતો. જેમાં 4 આંગડિયા પેઢી અને અન્ય 2 દુકાનોના તાળા તોડી ચોરી કરવામાં આવી હતી. તસ્કરોએ આંગડિયા પેઢીઓની તિજોરી તોડી લાખોની મત્તા ચોરી કરી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું.

સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હતા. બનાવની જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી અને સીસીટીવી ફૂટેજ કબજે વધુ તપાસ હાથ ધરી હતી. આ અંગે ફરિયાદ નોંધાવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

પાટણ કોર્ટ કમ્પાઉન્ડમાંથી ગુમ સગીરા અમદાવાદથી મળી આવી

ભાસ્કર ન્યૂઝ | પાટણ

પાટણ કોર્ટ કમ્પાઉન્ડમાંથી 10 એપ્રિલના રોજ સવારે સગીરા અચાનક ગુમ થતાં તેની માતાએ અપહરણની શંકા સાથે બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

લાંબા સમય સુધી પતો ન લાગતાં પરિવારે હાઈકોર્ટમાં હેબીયર્સ કોર્પસ પિટિશન દાખલ કરી હતી.હાઈકોર્ટના આદેશ બાદ એક્શનમાં આવેલી પોલીસે તપાસ હાથ ધરી હતી.ટેકનિકલ કડીઓ મેળવી પોલીસે નારોલમાં દરોડો પાડી સગીરાને મુક્ત કરાવતા પરિવારે રાહતનો શ્વાસ લીધો છે

CHANGE OF NAME
I have changed my old name from PRAJAPATI HEMAL MUKESHKUMAR to my new name is PRAJAPATI HEMAL MUKESHBHAI
Address : A-19, Shyamvihar Bungalows-03, Modhera Road, Mehsana-384002.

Change of Name
OLD NAME
VORA ASHMABIBI ABDULSHAKUR
NEW NAME
ASHMABANU SABIRMHMMAD KAGADI
ADDRESS
NANI VAHORVAD, SIDDHPURI BAJAR, MEHSANA

CHANGE OF NAME
I have changed my old name from SONALBEN CHAUDHARI to my new name is SONIBEN BABABHAI CHAUDHARI.
Address : Chaudhari Moto Vas, At. Mahiyal, Ta. Kheralu, Dist. Mehsana

Change of Name
OLD NAME
SONAL VISHNUBHAI PATEL
NEW NAME
SONALBEN VISHNUKUMAR PATEL
ADDRESS
5, KASHIKUNJ BUNGLOWS, MODHERA ROAD, MEHSANA - 384002

સતલાસણાના શખ્સ પાસેથી લીધું હતુ,પાંચ સામે ગુનો નોંધાયો

ડભાડ ગામનો શખ્સ રૂ.2.37 લાખના એમડી ડ્રગ્સ સાથે તલોદથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | હિંમતનગર

સાબરકાંઠા એસઓજીએ ચોક્કસ બાતમીને આધારે તલોદની ટીઆર ચોકડીથી સાબરડેરી જતાં રોડ પર પોયડા ગામના બસ સ્ટેશન પાસે વોચ ગોઠવી ગાડીને અટકાવી અંદર બેઠેલા શખ્સને ઝડપી લઈ તેની પાસેથી 2.37 લાખનું 79 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ કબ્જે લઈ કુલ 5 શખ્સો વિરુદ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ અંતર્ગત ફરિયાદ નોંધાવી હતી.

એસઓજીને માહિતી મળી હતી કે, શખ્સ ગાડી નંબર જીજે-02-સીએ-3866માં એમડી ડ્રગ્સ લઈને તલોદ ટીઆર ચોકડીથી હિંમતનગર તરફ જવાનો છે. બાતમીના આધારે પોલીસે તલોદ ટી.આર. ચોકડીથી સાબરડેરી જતાં રોડ પર પોયડા ગામના બસ સ્ટેશન પાસે વોચ ગોઠવી ગાડીને અટકાવી પોલીસે લાલજીભાઈ નાથુભાઈ ચૌધરી (રહે. ડભાડ, તા. ખેરાલુ, જિ. મહેસાણા) નામના આરોપીને ઝડપ્યો હતો. જ્યારે આ ગુનામાં સંડોવાયેલા અન્ય 4 આરોપીઓને પકડવા પોલીસ શોધખોળ ચલાવી રહી છે. પકડાયેલ આરોપી લાલજીભાઈ ચૌધરીએ પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યું હતું કે આ એમડી ડ્રગ્સ તેણે સતલાસણાના કિરીટ રમેશભાઈ નાયી પાસેથી લીધો હતો અને તે ડ્રગ્સ શેતાનસિંહ,મેહુલસિંહ અને કલ્યાણસિંહને આપવા આવ્યો હોવાનું જણાવ્યું હતું.

4 આરોપી વોન્ટેડ

1. કિરીટભાઈ રમેશભાઈ નાયી (રહે. સતલાસણા, તા. સતલાસણા, જિ. મહેસાણા)
2. શેતાનસિંહ લક્ષ્મણસિંહ ઝાલા (રહે. બાલિસણા, તા. તલોદ) 3. મેહુલસિંહ ચતુરસિંહ સોલંકી (રહે. સિવિલ પાછળ, તલોદ) 4. કલ્યાણસિંહ માનસિંહ ઝાલા (રહે. બડોદરા, તા. તલોદ)

જાહેર નોટીસ

આથી અમો સાજીદ બી બેલીમ એડવોકેટ ઠે. મહેસાણાવાળા તે અમારા અસીલશ્રી, (૧) કલાવતીબેન તે ટીલુમલ ભેબુમલ હેમજાલી તેમજ (૨) વિજયકુમાર ટીલુમલ હેમજાલી રહે. ૭/એ, વિષ્ણુનગર સોસાયટી, મહેસાણા વાળાની સુચના અને ફરમાનથી જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,,

અમારા અસીલ નં. ૧ ના પતિ તેમજ નં. ૨ ના પિતા ટીલુમલ ભેંબુમલ હેમજાલી ની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની મિલકત મોજે મહેસાણા સર્વે નં. ૧૫૧૪ જેનુ ક્ષેત્રફળ ૨૨૨.૦૯ જેનો મુ.સે.સ.નં. ૪/૧૯/૧૧ વાળી મિલકત જે૭/એ, વિષ્ણુનગર સોસાયટી, ટી.બી.રોડ, મહેસાણા મુકામે આવેલ છે. પરંતુ સદર મિલકતના માલીક ટીલુમલ ભેંબુમલ હેમજાલી તા.૧૦/૦૨/૧૯૯૨ ના રોજ મૈયત થતાં વારસાઈ હકકે (૧) કલાવતીબેન ટીલુમલ હેમજાલી (૨) પદમાબેન ટીલુમલ હેમજાલી (૩) હરેશકુમાર ટીલુમલ હેમજાલી (૪) વિજયકુમાર ટીલુમલ હેમજાલી તેમજ (૫) જયમાલા ટીલુમલ હેમજાલી સદર મિલકતના માલીક વ કબજેદાર થયેલા અને ત્યારબાદ સદર મિલકતના હરેશકુમાર ટીલુમલ હેમજાલી પણ વારસાઈ હકકે રેકર્ડ ઉપર હોવાથી તેઓએ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા મહેસાણા શાખામાં સદર મિલકત ના આધારે લોનની માંગણી કરેલી જેથી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા મહેસાણા શાખાએ સદર મિલકત ઉપર હરેશકુમાર ટીલુમલ હેમજાલી ને અમારા અસીલોની સહી સંમતિ વગર લોન આપેલી અને હરેશકુમાર ટીલુમલ હેમજાલી એ સદર લોનની ચુકવણી ન કરતાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા એ સિકયુરાઈઝેશન ના કાયદા મુજબ સદર મિલકત બાબતે મે. મહેસાણાના કલેકટર સાહેબ સમક્ષ દાવો દાખલ કરી મિલકતનો કબજો માંગેલો જેના આધારે મે. મહેસાણા કલેકટર સાહેબ સદરહું મિલકતનો કબજો સ્ટેટ બેન્ક ઈન્ડીયાનો સોપતો હુકમ કરેલો પરંતુ સદર હુકમ વિરૂધ્ધ અમારા અસીલોએ તેમના હકક માટે સ્ટેટ બેન્ક ઈન્ડીયામાંથી લોન મેળવેલ ન હોવાથી તેમનો હકક મેળવવા સારૂ તેમજ મે. ગુજરાત રાજયના ડેપ્ટ રીકવરી ટ્રીબ્યુનલ સમક્ષ અપીલ દાખલ કરેલ છે જે હાલમાં પેન્ડીંગ છે. તેમજ અમારા અસીલોએ હરેશકુમાર ટીલુમલ હેમજાલી ને લોન માટે સંમતિ આપેલ નથી જેથી અમારા અસીલોએ મે. મહેસાણાના પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં દાવા દાખલ કરેલા જે દાવાનો નિકાલ થઈ જતાં તે દાવાઓના હુકમ વિરૂધ્ધ અમારા અસીલોએ મે. મહેસાણા પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં રે.સી.અપીલ નં. ૩૮/૨૦૨૪ તેમજ રે.સી.અપીલ નં. ૧૦૦/૨૦૨૪ થી અપીલો દાખલ કરેલ છે જે હાલમાં પેન્ડીંગ હોવાથી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા કે તેમના વતીથી રાજસ્થે કાયનાન્સ લી.અમદાવાદ ને અમારા અસીલોની માલીકી પ્રત્યેના હકકો છીનવી લેવાનો કોઈ હકક કે અધિકાર નથી જેથી જાહેર જનતાને જણાવવાનું કે સદર નોટીસમાં જણાવેલી મિલકત જે કોઈ પણ વેચાણ રાખશે તેની અંગત જવાબદારી રહેશે તેમજ નામદાર કોર્ટના જે કોઈ પણ હુકમ હશે તે હુકમ તેઓને બંધનકર્તા રહશે. જેની સ્પષ્ટ નોંધ લેવી

તા.૨૭/૦૬/૨૦૨૬, સ્થળ: મહેસાણા

રવાના અમારી મારફતે
સાજીદ.બી.બેલીમ (એડવોકેટ)
ટી-૩, ત્રીજો માળ, જીલ્લા પંચાયત કોમ્પ્લેક્સ, બસ સ્ટેશન સામે, રાજમહેલ રોડ, મુ.મહેસાણા-૩૮૪૦૦૧,

ભાસ્કર CLASSIFIED

જ્યોતિષ ASTROLOGY

જ્યોતિષ
ઈચ્છાધારી જ્યોતિષ, (500માં) મોહીની, લવમેટર, પ્રેમિવશ, ખાનગી કાર્ય ફોનથી, 7984108785

પ્રોપર્ટી PROPERTY

ડુપ્લેક્સ
માહી રેસિડેન્સી ડુપ્લેક્સ વેચવાનો છે મો 8511175717

નોકરી વિષયક APPOINTMENT

જોઈએ છે
એકાઉન્ટન્ટ /સુપરવાઈઝર માટે અનુભવી માણસ જોઈએ છે. A.M.Latex Foam.Pvt દેદીયાસણ, જી.આઈ.ડી.સી.,મહેસાણા મો. 9723513843 (મહેસાણા વાસીઓને પ્રથમ પસંદગી)

દિવ્ય ભાસ્કર વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સંબંધમાં પૈસા મોકલવા, કોઇપણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાચદાદાવા પર અમલ કરતા પહેલા જરૂરી પૂછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ડીબી કોર્પ લિમિટેડ જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી.
ડીબી કોર્પ લિમિટેડના પ્રિન્ટર, પ્રકાશક, સંપાદક અને માલિક.
- જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો દિવ્ય ભાસ્કર પ્રકાશન સમૂહને કોઇપણ પરિણામ માટે જવાબદાર ગણી શકાશે નહીં.

ખારીઘારીયાલ મંદિરમાંથી ચાંદીની મૂર્તિ-છત્તરની ચોરી

ભાસ્કર ન્યૂઝ | પાટણ

ચાણસ્મા તાલુકાના ખારીઘારીયાલ ગામે તસ્કરોએ મંદિરને નિશાન બનાવી પોલીસ તંત્ર માટે પડકારજનક સ્થિતિ ઊભી કરી છે. ગામના રોડ પર આવેલા ગોગા મહારાજના મંદિરમાં રાત્રિના સમયે ઘૂસી તસ્કરોએ ચાંદીની મૂર્તિ, છત્તરો અને અન્ય ધાર્મિક સામાનની ચોરી કરી ફરાર થઈ જતાં ગ્રામજનોમાં રોષ છે. ઘટનાની જાણ થતાં ચાણસ્મા પોલીસ ઉપરાંત LCB અને ડોગ સ્કવોડની ટીમ સ્થળ પર દોડી આવી હતી.

તસ્કરોએ મંદિરમાંથી આશરે એક કિલો જેટલા વજનની ગોગા મહારાજની ચાંદીની મૂર્તિ, અંદાજે 500 ગ્રામનું મોટું ચાંદીનું છત્તર, બે નાના છત્તર તેમજ બે નાની ચાંદીની મૂર્તિઓની ચોરી કરી હતી. સવારે મંદિર નાં સેવક અમરતલાલ પટેલ ને ચોરીની જાણ થતાં તેમણે તાત્કાલિક 112 પોલીસ હેલ્પલાઈન પર જાણ કરી હતી. પોલીસનો કાફલો સ્થળે પહોંચ્યો હતો. મોડી સાંજ સુધી સત્તાવાર ફરિયાદ નોંધાઈ ન હતી.ફરિયાદ નોંધાયા બાદ સામાનની ચોક્કસ કિંમત અને જથ્થા અંગે સ્પષ્ટતા થશે.

Punjab & Sind Bank
(A Govt. of India Undertaking)
Where service is a way of life

રિજનલ ઓફિસ : ગાંધીનગર
યુનિટ નં. ૪, ટાવર નં. ૧, ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫
ફોન (૦૭૯)૬૬૭૪૨૦૬-૦૯ | ઈ-મેઈલ : ro.gandhinagar@psb.bank.in

સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ નોટીસ

સિકયોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ હેઠળ સાથે સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) એકટ, ૨૦૦૨ ના નિયમ ૮ (૬) સાથે સ્થાવર મિલકતના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા (ઓ) અને બાંહેધરી આપનારા (ઓ) ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલી સ્થાવર મિલકત સિકયોર્ડ લેણદાર પાસે ગીરો/ ચાર્જ કરેલ છે, જેનો પંજાબ એન્ડ સિંધ બેંકના અધિકૃત અધિકારી દ્વારા સ્વનામક/ ભૌતિક/ સાંકેતિક કબજો લેવામાં આવ્યો છે તેમ્રે સુરક્ષિત લેણદાર તરીકે **'જેમ છે જ્યાં છે', 'જે છે તે પ્રમાણે'** અને **'જે પણ આધાર છે'** બેંક તેના સંબંધિત ઉધારકર્તા (ઓ) અને બાંહેધરી આપનાર (ઓ) પાસેથી લેણાની નીચે દર્શાવેલ ઉલ્લેખિત તારીખે વેચાણ દ્વારા વસૂલાત કરશે. અનામત કિંમત અને બાનાની થાપણ સંબંધિત મિલકતો/ સંપત્તિઓ સામે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ હશે.

સ્થાવર મિલકતોનું વર્ણન

ક્રમ નં.	ઉધારકર્તા(ઓ)/ જામીનદાર(રો) અને શાખાનું નામ	સ્થાવર મિલકતોનું વર્ણન	ડિમાન્ડ નોટીસ તારીખ/ કબજા તારીખ, ડિમાન્ડ નોટીસ મુજબ લેણી રકમ	અનામત કિંમત, EMD, બિડની વધારાની રકમ	અધિકૃત અધિકારીનું નામ અને સંપર્ક નં.	મિલકત અંગેનો QR CODE	સ્થળ અંગેનો QR CODE	સર્વિસ પ્રોવાઈડરનો QR CODE
૧	મે. મહાવીર સેલ્સ એજન્સીસ (પ્રોપરાઈટર શ્રીમતી કામીની ચિંતન શાહ) શાખા : મહેસાણા	બધા ભાગ અને અંશ સહિતની ગીરો કરેલ સ્થાવર કોમર્શીયલ દુકાન નં. ટી/૩૦૯ : જે ત્રીજો માળ, એસ કલુબ કોમ્પ્લેક્સ, બંસરી ટાઉનશીપ સામે, સિલિકોન વેલી બંગ્લોઝ પાસે, મહેસાણા-રાધનપુર રોડ, ગામ પાંચોટ, તા. જી. મહેસાણા-૩૮૪૦૦૨ ખાતે સ્થિત. **ચતુર્સીમા નીચે મુજબ: ઉત્તર :** દુકાન નં. ટી-૩૦૮, **દક્ષિણ :** દુકાન નં. ટી-૩૧૦, **પૂર્વ :** પેસેજ, **પશ્ચિમ :** ઓપન ટુ સ્કાય	૦૧.૧૦.૨૦૨૫ / ૦૯.૦૨.૨૦૨૬ રૂ. ૧૪,૮૨,૭૩૬.૬૩ + તેના ઉપરનાં વધારાનાં વ્યાજ અને ખર્ચાઓ	રૂ. ૧૦,૫૦,૦૦૦ રૂ. ૧,૦૫,૦૦૦ રૂ. ૧૦,૫૦૦	શ્રી જીતેન્દ્ર પાટલ્યા મો. ૯૬૧૭૭ ૪૧૨૮૯			

ઈ-હરાજીની તારીખ અને સમય : ૨૯.૦૭.૨૦૨૬, બપોરે ૧૨.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી • નિરીક્ષણની છેલ્લી તારીખ અને સમય : ૨૦.૦૭.૨૦૨૬ થી ૨૪.૦૭.૨૦૨૬, સવારે ૧૦:૦૦ થી સાંજે ૫.૦૦ સુધી ઈએમડી અને ડોકયુમેન્ટસ ભરવાની (ઓનલાઈન) છેલ્લી તારીખ અને સમય : તા. ૨૯.૦૭.૨૦૨૬, સવારે ૧૧.૦૦ કલાક સુધી

ઈ-ઓકશન માટેના શરતો અને નિયમો : (૧)ઓનલાઈન ઈ-ઓકશન : ઓકશન પ્લેટફોર્મ એટલે કે https://baanknet.com દ્વારા આપવામાં આવેલ તારીખ અને સમય પર યોજવામાં આવશે. ઈચ્છુક બિડર્સ/ ખરીદનારાઓને માન્ય ઈ-મેલ આઈડી અને મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને https://baanknet.com દ્વારા નોંધણી કરાવવી જરૂરી છે. ઈચ્છુક બિડર્સ/ ખરીદનારાઓએ તેમના KYC દસ્તાવેજો અને બેંક વિગતો અપલોડ કરવી જરૂરી છે. નોંધણી અને અપલોડ કરવાની ઔપચારિકતાઓ અગાઉથી સારી રીતે પૂર્ણ કરવી જોઈએ. (૨) **EMD ચૂકવણી :** ઈચ્છુક બિડર્સ/ ખરીદનારાઓને તેમના ઈ-મેલ આઈડી અને મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને પોર્ટલ (https://baanknet.com) માં નામ રજીસ્ટર કરાવવા વિનંતી કરવામાં આવે છે. E-KYCની પ્રક્રિયા કેવાયસી ચકાસણી પૂર્ણ થયા પછી ડિજીલોકર દ્વારા કરવાની છે અને ઈચ્છુક બિડર્સ/ ખરીદનારા લોગઈન કરી શકે છે અને EMDની ચૂકવણી કરવી શકે છે. EMD ચૂકવણી માટે ઈચ્છુક બિડર/ ખરીદનારાઓ પોર્ટલ પર આપેલા ખરીદદાર માર્ગદર્શિકા દ્વારા માર્ગદર્શન મેળવી શકે છે. ખરીદનાર તરીકે લોગઈન કર્યા પછી પેમેન્ટ ગેટવે દ્વારા અને ચલણ બનાવવાની રીત દ્વારા અને વોલેટમાં રકમ જમા કરીને પણ ચૂકવણી કરી શકાય છે. નિર્ધારિત સમય પહેલા ચૂકવણી સારી રીતે સુનિશ્ચિત કરવી આવશ્યક છે. રસ ધરાવનાર બિડર ઈ-ઓકશન બંધ થતા પહેલા https://baanknet.com ઓકશન પોર્ટલ પર પ્રિ-બિડ EMD જમા કરાવશે. EMD કોઈપણ વ્યાજ વિનાની રહેશે, અસફળ બિડર્સના EMD ના રિફંડ માટે, બિડરએ https://baanknet.com માં લોગ ઈન કરીને અથવા ખરીદનાર મેન્યુઅલમાં આપેલ રિફંડ માટેની પ્રક્રિયાને અનુસરીને ઈ-ઓકશન સેવા પ્રદાતા પાસેથી રિફંડ ઓનલાઈન મેળવવાનું રહેશે. અસફળ બિડરની ઈએમડી રકમ વ્યાજ વગર પરત કરવામાં આવશે. (૩) બિડ કરતી વખતે બિડરે તે પ્રોપર્ટી પસંદ કરવાની રહેશે જેના માટે ઉપરોકત વેબસાઈટમાં દર્શાવેલ ચાટીમાંથી ઓફર સબમિટ કરવામાં આવી છે અને/ અથવા બિડર સીધા જ પ્રોપર્ટી આઈડી દાખલ કરી શકે છે. પ્રશ્નો માટે સંપર્ક નંબર 82912 20220 અને ઈ-મેલ આઈડી support.baanknet@psballiance.com નોંધણી, લોગઈન અને બિડિંગ નિયમો માટે કૃપા કરીને https://baanknet.com ના હ